Suramya Co-Operative Housing Society Limited

(Reg.No Gh-16633,Dt. 25.06.1999, Co-Operative Societies, Gandhinagar)
Sarkhej-Gandhinagar Highway, Nr.Khoraj, Nr.Naramda Main Canal,Post-Adani Shanti gram,
Dist.-Gandhinagar. PIN-382 501. E-mail:suramya1soc@gmail.com

જાહેર સુચના

(૧) સોસાયટીમાં કોઇપણ પ્લોટ/મકાન ખરીદ-વેચાણ કરનાર અથવા ભાડે લેનાર-આપનાર સભ્યએ સોસાયટી પાસેથી NOC (નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ) મેળવી લેવું ફરજીયાત છે. અન્યથા તે પ્લોટ/મકાન સોસાયટીમાં ટ્રાન્સફર કરી શકાશે નહિ.

(૨) દરેક પ્લોટ હોલ્ડરે મકાન બાંધકામ કરતાં પહેલા પ્રપોઝ પ્લાનની કોપી રજિસ્ટર્ડ એન્જીનીયરના સહી સિક્કા સાથે સોસાયટીમાં જમાં કરાવવી અને ગુડા/ઔડા તેમજ સરકારશ્રીના નીતિ નિયમો અનુસાર દરેક બાજુ પૂરતું જરૂરી માર્જિન છોડવું આશરે ઓછામાં ઓછું ૧૦ ફૂટ. માર્જિન માં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહિ.

(૩) બાંધકામ શરૂ કરતા પહેલા સર્વેયરને બોલાવી સોસાયટીની જવાબદાર વ્યક્તિ તરીકે મેનેજરની હાજરી માં માપણી કરવી પ્લોટમાં ખૂટ મરાવી દેવો. આ માપણી વખતે આજુબાજુના તેમજ આગળ પાછળના પડોશીઓને જાણ કરવી. જેથી કરીને કોઇની જગ્યામાં કોઈનું દબાણ થાય તેવી પરિસ્થિતિ ઊભી ન થાય. સોસાયટીના રેકોર્ડ માંથી પડોશીઓના નામ સરનામા, ફોન નંબર મેળવી લેવા. આ શરત માં કોઈ પણ જગ્યાએ શરત ભંગ અથવા ભૂલ થશે તો તોડવાનો તમામ ખર્ચ માપણી વખતે કરેલી ભૂલ કરનારને ભોગવવાનો રહેશે.

(૪) દરેક પ્લોટ ધારકે પોતાના પ્લાનમાં ગાડી/કાર પાર્કિંગ પોતાના પ્લોટ માંજ આવીજાય તેમ કરવું કારણ આપણે જાણીએછીએ કે આપણી સોસાયટીના રોડ ખુબજ સાંકડા છે.

(૫) સોસાયટીના રોડથી બહારની બાજુ ઝાડ નું પ્લાન્ટેશન ન કરવું. અને સોસાયટીના રોડથી આપનો મેઈન ગેટ સમાંતર રાખવો.

(૬) બાંધકામ શરૂ કરતાં પહેલા મજૂરો માટે રહેવાની તથા સંડાસની ટેમ્પરરી વ્યવસ્થા આપના પ્લોટ માં જ કરવી.

(૭) બાંધકામ દરમ્યાન માલસામાન સોસાયટીના રોડ ઉપર મુકવા નહીં. અને અન્ય કોઈના પ્લોટમાં મૂકવા પ્લોટના માલિકની લેખિત સંમતી સોસાયટીમાં રજુ કરવી.

(૮) સોસાયટીમાં બાંધકામ રોડ સાઈડ પાણીની પાઇપ - અંડર ગ્રાઉંડ ઇલેક્ટ્રીક કેબલ તથા રાંધણ ગેસ પાઈપ લાઈન આવેલ છે.અને જીઓ ફાઈબર આવેલા છે. તેને નુકસાન ન થાય તે માટે ખાસ જોવાનું રહેશે.અને જો નુકસાન થાય તો તે તમારા ખર્ચે તાત્કાલિક ધોરણે રીપેર કરાવવાનું રહેશે.અને તેનો તમામ ખર્ચ નુકસાન કરનારને કરવાનો રહેશે.

(૯) આપણી સોસાયટીમાં કોઈપણ પ્રકારનું કોમર્શિયલ બાંધકામ/કોમર્શિયલ કામગીરી કરવી નહિ. રહેણાંક સિવાયના હેતુ માટે પ્લોટ/મકાન નો ઉપયોગ કરવો નહિ.

(૧૦) સોસાયટીમાં મકાન ભાડે આપવું નહિ અને જો અનિવાર્ય સંજોગોમાં મકાન ભાડે આપવાનું થાય તો સોસાયટી ને એડવાન્સમાં લેખિત જાણ કરવી. તેમજ ભાડુઆત અંગેની તમામ વિગતો લેખિતમાં જણાવવી, તેમજ પોલીસમાં લેખિત જાણ કર્યાની નકલ રજુ કરવી. મકાન પેઇંગ ગેસ્ટ કે વિદ્યાર્થીઓ માટે ભાડે આપી શકાશે નહિ.પ્લોટ/મકાન એરબીએનબીમાં ભાડે આપવી નહિ.

(૧૧) સોસાયટીના મેમ્બેર્સની ગેરહાજરીમાં તેઓ કોઈ ગેસ્ટને ક્લબ હાઉસની સુવિધાઓ માટે મોકલવા નહિ, મેમ્બર્સની હાજરીમાં પણ નિયમ અનુસાર ચાર્જ ભરી સોસાયટીની મંજુરી લઇ ક્લબ હાઉસની સુવિધાઓનો ઉપયોગ કરવો.

(૧૨) સોસાયટીમાં આપના બાંધકામ સમયે માલસામાનની ગાડી/ટ્રક વગેરેને રાત્રીના ૧૧ થી સવારના ૬ સુધીમાં સોસાયટીના મેઈન ગેટ પરથી એન્ટ્રી આપવામાં આવશે નહી, આ ગાડી/ટ્રક સોસાયટીના બહારની બાજુ પાર્ક કરાવી દેવી જેથી રહીશોને રાત્રી દરમ્યાન ખલેલ ન પહોચે આ બાબત ની સુચના માલ સપ્લાયર ને ખાસ આપવી.

ઉપરોક્ત સૂચનાઓને સોસાયટીના જાહેરહિતમાં જોઈ-સમજી-વિચારીને અમલ કરવામાં આવશે તો સુરમ્ય-૦૧ Suramya number one બની જશે.

સોસાયટી મેનેજમેન્ટ કમિટી.
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬